સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 03

[JAN - 2020]
[12/01/20 to 18/01/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

ICE CURRENT NEWS
WEEK 03
વીડિયો જોવા માટે અહીં CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં CLICK કરો

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.

## CURRENT TOPICS

- ગુજરાતમાં સુરક્ષા માટે 'વિશ્વાસ' અને 'સાયબર આશ્વસ્ત' પ્રોજેક્ટ લૉન્ચ
- 'કોલકાતા પોર્ટ ટ્રસ્ટ' હવે 'ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ ટ્રસ્ટ' તરીકે ઓળખાશે
- SCOની 8 અજાયબીઓમાં 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નો સમાવેશ
- ICC ક્રિકેટ એવોર્ડ 2019 : શ્રી રોહિત શર્માને ICC વન ડે ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ એનાયત
- ભારતની બીજી ખાનગી ટ્રેન અમદાવાદ-મુંબઈ તેજસ એક્સપ્રેસનો અમદાવાદથી પ્રારંભ
- ભારતનો સૌથી વધુ શક્તિશાળી સંદેશાવ્યવહાર ઉપગ્રહ GSAT-30 સફળતાપૂર્વક લૉન્ચ


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

## 11 JANUARY, 2020 SATURDAY

### ➤ દિવસ મહિમા : 12 જાન્યુઆરી, રાષ્ટ્રીય યુવા દિન

ભારતમાં સ્વામી વિવેકાનંદનો જન્મ દિન 12 જાન્યુઆરી 'રાષ્ટ્રીય યુવા દિન' તરીકે ઉજવાય છે.




- ભારતમાં 1984થી તેની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- સ્વામી વિવેકાનંદનો જન્મ 12 જાન્યુઆરી, 1863ના રોજ પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે થયો હતો.
- અને તેમનું નિધન 4 જુલાઈ, 1902ના રોજ પશ્ચિમ બંગાળના બેલુર મઠમાં થયું હતું.
- સ્વામી વિવેકાનંદનું તેજમય જીવન અને શાશ્વત, વાસ્તવિક દર્શન આજે પણ ભારતના યુવાનો માટે પ્રેરણાનો ખૂબ જ મોટો સ્ત્રોત છે.

**નોંધ :** (1) વિશ્વના અનેક દેશોમાં અલગ–અલગ દિવસે યુવા દિનની ઉજવણી કરવામાં આવે છે.
(2) આ અંતર્ગત ભારતમાં 12 જાન્યુઆરીના રોજ 'યુવા દિન' અથવા તો 'રાષ્ટ્રીય યુવા દિન'ની ઉજવણી કરવામાં આવે છે.જ્યારે 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ' 12 ઓગસ્ટના રોજ ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ ભારતમાં કર્ણાટકના ચલ્લાકેરેમાં બનશે ભારતનું પ્રથમ અવકાશ યાત્રી ટ્રેનિંગ સેન્ટર

ભારતમાં કર્ણાટકના બેંગાલુરુ-પૂણે નેશનલ હાઈવે પર ચલ્લાકેરે તાલુકાના ઉલ્લારથી ગામમાં ઈસરો દ્વારા Human Space Flight Center (માનવ અવકાશ ઉડાન કેન્દ્ર)નું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે.



- જે ભારતનું પ્રથમ અવકાશ યાત્રી ટ્રેનિંગ સેન્ટર હશે.
- આશરે રૂ. 2700 કરોડના ખર્ચે નિર્માણ પામનાર આ ટ્રેનિંગ સેન્ટરમાં એક સાથે 3 અંતરિક્ષ યાત્રીને ટ્રેનિંગ આપવાની સુવિધા હશે.
- હાલ ભારતના પ્રથમ સમાનવ અંતરિક્ષ મિશન 'ગગનયાન' માટે પસંદ થયેલા અવકાશ યાત્રીઓને ટ્રેનિંગ આપવા માટે રશિયાના રોસકોમોસમાં મોકલવામાં આવ્યા છે. જેની પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થશે.
- પરંતુ આ હ્યુમન સ્પેસ ફ્લાઈટ સેન્ટર (HSFC)ના નિર્માણ બાદ અંતરિક્ષ યાત્રીઓને ટ્રેનિંગ માટે વિદેશ મોકલવાની જરૂર રહેશે નહિ.
- આશરે 473 એકર જમીન પર બની રહેલા આ સેન્ટરમાં સ્પેસક્રાફ્ટના ક્રૂ અને સર્વિસ મોડ્યુલથી લઈ અંતરિક્ષ યાત્રીઓની ટ્રેનિંગ અને મિશન કન્ટ્રોલ સેન્ટરની પણ સુવિધા હશે.

### ➤ ગુજરાતમાં સુરક્ષા માટે 'વિશ્વાસ' અને 'સાયબર આશ્વસ્ત' પ્રોજેક્ટ લોન્ચ

11 જાન્યુઆરી, 2020ના રોજ ભારતના ગૃહમંત્રી શ્રી અમિત શાહે ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી ગુજરાત પોલીસના 'વિશ્વાસ' અને 'સાયબર આશ્વસ્ત' પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો છે.

- ગુજરાતમાં નાગરિકોની સુરક્ષા તથા સાયબર સુરક્ષા માટે આ બંને પ્રોજેક્ટ ખૂબ જ અગત્યના છે.

#### વિશ્વાસ પ્રોજેક્ટ

ગુજરાત પોલીસ દ્વારા લોન્ચ કરવામાં આવેલા VISWAS (વિશ્વાસ) Projectનું પૂરું નામ 'Video Integration and State Wide Advance Security Project' છે.

- આ પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતના 1256 જેટલા જંક્શન પર 7000થી વધુ CCTV કેમેરા લગાવવામાં આવશે.
- આ ઉપરાંત 'નેત્રમ' તરીકે ઓળખાતા ગુજરાતના તમામ જિલ્લાના કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરને 'ત્રિનેત્ર' તરીકે ઓળખાતા ગુજરાતના સ્ટેટ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર સાથે જોડવામાં આવશે.
- પરિણામે આ પ્રોજેક્ટને કારણે ગુજરાતમાં મહિલાઓ, બાળકો, વરિષ્ઠ નાગરિકો તેમજ ગુજરાતના બધા શહેરો, જિલ્લા મુખ્યાલયો અને પર્યટન સ્થળોને ચુસ્ત સુરક્ષા મળશે.

## સાયબર આશ્વસ્ત

ગુજરાતમાં સાયબર ક્રાઈમ અટકાવવા માટે આ **'સાયબર આશ્વસ્ત' (Cyber Aashvast) પ્રોજેક્ટ** લોન્ચ કરવામાં આવ્યો છે.

- આ પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતમાં મુખ્યત્વે 4 યુનિટોની સ્થાપના કરવામાં આવી છે :
  (1) **સાયબર ક્રાઈમ પ્રિવેન્શન યુનિટ** (2) **સાયબર ક્રાઈમ ઈન્સીડેન્ટ રિસ્પોન્સ યુનિટ**
  (3) **સાયબર સુરક્ષા લેબ અને** (4) **એન્ટી સાયબર બુલીંગ યુનિટ**
- આ પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતમાં ભારતના એવા પ્રથમ **સાયબર ક્રાઈમ પ્રિવેન્શન યુનિટ**ની રચના કરવામાં આવી છે કે જે નાગરિકોને SMS દ્વારા સાયબર ક્રાઈમ માટે વપરાયેલા ફોન નંબરો અંગે સાવચેત કરશે.
- આ ઉપરાંત www.gujaratcybercrime.org પોર્ટલ પર નાગરિકોને સાયબર ફ્રોડ માટે વપરાતા ફોન નંબરો તથા બેન્ક એકાઉન્ટ નંબરોનો સૌથી મોટો ડેટાબેઝ પણ ઉપલબ્ધ થશે.
- **સાયબર ક્રાઈમ ઈન્સીડેન્ટ રિસ્પોન્સ યુનિટ** દ્વારા સાયબર ક્રાઈમ અંગે ત્વરિત કાર્યવાહી કરવામાં આવશે.
- આ અંગે **100 અને 112 નંબર** ડાયલ કરતા પોલીસ સામેથી સંપર્ક કરીને નાગરિકોનું નુકશાન અટકાવશે અને મદદ માટે કરેલ કાર્યવાહીની જાણ કરશે.
- **સાયબર સુરક્ષા લેબ** દ્વારા મોબાઈલમાં આવતા માલવેર, વાયરસ અને અન્ય ખતરાઓથી લોકોના મોબાઈલ ફોન અને Degital Deviceનું રક્ષણ કરવામાં આવશે.
- **એન્ટી સાયબર બુલીંગ યુનિટ** નાગરિકોને Online Harassmentથી બચવામાં મદદ કરશે.
- આ માટે 100 અને 112 નંબર ડાયલ કરતા જ આશ્વસ્ત હેલ્પલાઈન યુનિટ સામેથી સંપર્ક કરી નાગરિકોને ઘર આંગણે જ સાયબર સુરક્ષા પૂરી પાડશે.
- આમ, આ પ્રોજેક્ટથી ગુજરાતમાં સાયબર સુરક્ષામાં વધારો થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય યુવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 12 જાન્યુઆરી (B) 12 ઓગસ્ટ (C) 12 સપ્ટેમ્બર (D) 12 ઓક્ટોબર — **(B)**
2. ભારતમાં 'રાષ્ટ્રીય યુવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 12 જાન્યુઆરી (B) 12 ઓગસ્ટ (C) 12 સપ્ટેમ્બર (D) 12 ઓક્ટોબર — **(A)**
3. ભારતમાં પ્રથમ અવકાશ યાત્રી ટ્રેનિંગ સેન્ટર અથવા તો હ્યુમન સ્પેસ ફ્લાઈટ સેન્ટર ક્યાં બનશે ?
   (A) ઉલ્લારથી, ચલ્લાકેરે (તેલંગાણા) (B) ઉલ્લારથી, ચલ્લાકેરે (આંધ્રપ્રદેશ)
   (C) ઉલ્લારથી, ચલ્લાકેરે (કર્ણાટક) (D) ઉલ્લારથી, ચલ્લાકેરે (તમિલનાડુ) — **(C)**
4. 11 જાન્યુઆરી, 2020ના રોજ કોના દ્વારા ગુજરાત પોલીસના 'વિશ્વાસ' અને 'સાયબર આશ્વસ્ત' પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યા છે ?
   (A) શ્રી વિજયભાઈ રૂપાણી (B) શ્રી આચાર્ય દેવવ્રત
   (C) શ્રી નરેન્દ્રભાઈ મોદી (D) શ્રી અમિત શાહ — **(D)**

5. ગુજરાત પોલીસના કયા પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતના 1256 જેટલા જંક્શન પર 7000થી વધુ CCTV કેમેરા લગાવવામાં આવશે ?
(A) સાયબર આશ્વસ્ત (B) આશ્વસ્ત (C) વિશ્વાસ (D) નેત્ર **(C)**

6. ગુજરાત પોલીસ દ્વારા લોન્ચ થયેલા VISHWAS (વિશ્વાસ) પ્રોજેક્ટનું પૂરું નામ શું છે ?
(A) Video Integration and State Wide Advance Security Project
(B) Video Integration and State Wide Advance Cyber Project
(C) Video Integration and State Wide Advance Secure Project
(D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

7. ગુજરાતમાં સાયબર ક્રાઈમ અટકાવવા માટે ગુજરાત પોલીસ દ્વારા કયો પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો છે ?
(A) સાયબર વિશ્વાસ (B) સાયબર ગુજરાત
(C) સાયબર સુરક્ષા (D) સાયબર આશ્વસ્ત **(D)**

8. 'સાયબર આશ્વસ્ત' પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતમાં કયો હેલ્પલાઈન નંબર ડાયલ કરવાથી નાગરિકોને સાયબર સુરક્ષા મળી રહેશે ?
(A) 100 (B) 110 (C) 112 (D) A અને C બંને **(D)**

9. ભારતના ગૃહમંત્રી શ્રી અમિત શાહે ગુજરાત પોલીસના 'વિશ્વાસ' અને 'સાયબર આશ્વસ્ત' પ્રોજેક્ટનો પ્રારંભ ક્યાંથી કરાવ્યો હતો ?
(A) વિજ્ઞાન ભવન, નવી દિલ્હી (B) હૈદરાબાદ ભવન, નવી દિલ્હી
(C) મહાત્મા મંદિર, ગાંધીનગર (D) ટાઉન હોલ, અમદાવાદ **(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 13 JANUARY, 2020 MONDAY

### ➤ BCCI એવોર્ડ 2018-19 : શ્રી જસપ્રીત બુમરાહને શ્રેષ્ઠ ક્રિકેટરનો એવોર્ડ એનાયત



12 જાન્યુઆરી, 2020ના રોજ ભારતમાં મુંબઈ ખાતે BCCIનો વાર્ષિક એવોર્ડ સમારોહ યોજાયો હતો.

- આ સમારોહમાં ભારતના વિવિધ ક્રિકેટરોને વર્ષ 2018-19ની સીઝનના BCCI એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે.
- આ અંતર્ગત ગુજરાતના અમદાવાદમાં જન્મેલા ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી જસપ્રીત બુમરાહને વર્ષ 2018-19નો વર્ષના શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરને અપાતો પોલી ઉમરીગર એવોર્ડ એનાયત થયો છે.
- વર્ષના શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરને અપાતા પોલી ઉમરીગર એવોર્ડ ઉપરાંત શ્રી જસપ્રીત બુમરાહને ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેવા બદલ વર્ષ 2018-19નો દિલીપ સરદેસાઇ એવોર્ડ પણ એનાયત થયો છે.
- જ્યારે ગુજરાતના જ રાજકોટ ખાતે જન્મેલા શ્રી ચેતેશ્વર પૂજારાને ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવવા માટે વર્ષ 2018-19નો દિલીપ સરદેસાઇ એવોર્ડ એનાયત થયો છે.
- આ ઉપરાંત સુશ્રી પૂનમ યાદવને વર્ષ 2018-19નો સર્વશ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટરનો એવોર્ડ એનાયત થયો છે.
- BCCIના લાઈફ ટાઈમ અચિવમેન્ટ તરીકે ઓળખાતો કર્નલ સી. કે. નાયડુ લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ શ્રી કે. શ્રીકાંતને એનાયત થયો છે.
- જ્યારે વર્ષ 2018-19ના મહિલાઓ માટેના BCCI લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ માટે સુશ્રી અંજુમ ચોપરાની પસંદગી કરવામાં આવી છે.

## BCCI એવોર્ડ 2018-19 વિજેતા ખેલાડીઓ

| ક્રમ | એવોર્ડ | વિજેતા |
|---|---|---|
| 1 | કર્નલ સી. કે. નાયડુ લાઈફ ટાઈમ અચિવમેન્ટ (BCCIનો લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ) | શ્રી કે. શ્રીકાંત |
| 2 | BCCI લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ ફોર વુમન | સુશ્રી અંજુમ ચોપરા |
| 3 | BCCI Special (વિશેષ) એવોર્ડ | શ્રી દિલીપ દોષી |
| 4 | દિલીપ સરદેસાઈ એવોર્ડ (ટેસ્ટ ક્રિકેટમાં હાઈએસ્ટ વિકેટ માટે) | શ્રી જસપ્રીત બુમરાહ |
| 5 | દિલીપ સરદેસાઈ એવોર્ડ (ટેસ્ટ ક્રિકેટમાં હાઈએસ્ટ રન માટે) | શ્રી ચેતેશ્વર પૂજારા |
| 6 | આંતરરાષ્ટ્રીય વન ડેમાં સૌથી વધુ રન કરનાર મહિલા ક્રિકેટર | સુશ્રી સ્મૃતિ માંધાના |
| 7 | આંતરરાષ્ટ્રીય વન ડેમાં સૌથી વધુ વિકેટ ઝડપનાર મહિલા ક્રિકેટર | સુશ્રી ઝુલન ગોસ્વામી |
| 8 | પોલી ઉમરીગર એવોર્ડ (વર્ષના શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરને અપાતો એવોર્ડ) | શ્રી જસપ્રીત બુમરાહ |
| 9 | શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટરનો એવોર્ડ | સુશ્રી પૂનમ યાદવ |
| 10 | બેસ્ટ ઈન્ટરનેશનલ ડેબ્યુ - મેન | શ્રી મયંક અગ્રવાલ |
| 11 | બેસ્ટ ઈન્ટરનેશનલ ડેબ્યુ - વુમેન | સુશ્રી સેફાલી વર્મા |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) વર્ષના શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરને અપાતો BCCIનો પોલી ઉમરીગર એવોર્ડ સૌથી વધુ પાંચ વખત જીતવાનો રેકોર્ડ શ્રી વિરાટ કોહલીના નામે છે.

(2) BCCIનું પૂરું નામ Board of Control for Cricket in India છે.

## ICE Questions

1. 12 જાન્યુઆરી, 2020ના રોજ BCCIના વર્ષ 2018-19 માટેના વાર્ષિક એવોર્ડ માટેનો સમારોહ ક્યાં યોજાયો હતો ?
(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) હૈદરાબાદ (D) બેંગાલુરુ **(B)**

2. વર્ષ 2018-19નો BCCIનો કર્નલ સી. કે. નાયડુ લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ કોને એનાયત થયો છે ?
(A) શ્રી અંશુમન ગાયકવાડ (B) શ્રી પંકજ રોય
(C) શ્રી કે. શ્રીકાંત (D) શ્રી નયન મોંગિયા **(C)**

3. વર્ષ 2018-19નો BCCIનો મહિલાઓ માટેનો લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ કોને એનાયત થયો છે ?
(A) સુશ્રી સુધા શાહ (B) સુશ્રી ડાયના એડલજી
(C) સુશ્રી અંજુમ ચોપરા (D) સુશ્રી અંજલી વર્મા **(C)**

4. વર્ષ 2018-19નો BCCIનો વિશેષ એવોર્ડ કોને એનાયત થયો છે ?
(A) શ્રી દિલીપ દોષી (B) શ્રી દિલીપ દેસાઈ
(C) શ્રી દિલીપ વેંગેસકર (D) શ્રી દિલીપ શર્મા **(A)**

5. વર્ષ 2018-19નો BCCIનો પોલી ઉમરીગર એવોર્ડ કોને એનાયત થયો છે ?
(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી ચેતેશ્વર પૂજારા
(C) શ્રી પ્રિયાંક પંચાલ (D) શ્રી જશપ્રીત બુમરાહ **(D)**

6. વર્ષ 2018-19નો BCCIનો સર્વશ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટરનો એવોર્ડ કોને એનાયત થયો છે ?
   (A) સુશ્રી સ્મૃતિ માંધાના (B) સુશ્રી મિતાલી રાજ
   (C) સુશ્રી પૂનમ યાદવ (D) સુશ્રી હરમનપ્રીત કોર
   **(C)**

7. BCCIનો લાઈફ ટાઈમ અચિવમેન્ટ પુરસ્કાર કયા નામે ઓળખાય છે ?
   (A) પોલી ઉમરીગર એવોર્ડ (B) લાલા અમરનાથ એવોર્ડ
   (C) માધવરાવ સિંધિયા એવોર્ડ (D) કર્નલ સી. કે. નાયડુ એવોર્ડ
   **(D)**

8. BCCIનો વર્ષના શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરને અપાતો એવોર્ડ કયા નામે ઓળખાય છે ?
   (A) પોલી ઉમરીગર એવોર્ડ (B) લાલા અમરનાથ એવોર્ડ
   (C) માધવરાવ સિંધિયા એવોર્ડ (D) કર્નલ સી. કે. નાયડુ એવોર્ડ
   **(A)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## 14 JANUARY, 2020 TUESDAY


### ➤ ‘કોલકાતા પોર્ટ ટ્રસ્ટ’ હવે ‘ડો. શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ ટ્રસ્ટ’ તરીકે ઓળખાશે



12 જાન્યુઆરી 2020ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **પશ્ચિમ બંગાળ**ના **કોલકાતા** ખાતે આવેલા **કોલકાતા પોર્ટ ટ્રસ્ટ**ની **150મી વર્ષગાંઠ** નિમિત્તે યોજાયેલા સમારોહમાં ભાગ લીધો હતો.

- આ પ્રસંગે તેમણે **‘કોલકાતા પોર્ટ ટ્રસ્ટ’** હવે **‘ડો. શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ ટ્રસ્ટ’** તરીકે ઓળખાશે એવી જાહેરાત કરી હતી.
- આ પ્રસંગે વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ કોલકાતા પોર્ટ ટ્રસ્ટના કર્મચારીઓના પેન્શન માટે **રૂ. 501 કરોડ**નો ચેક પણ આપ્યો હતો.
- તેમણે **પશ્ચિમ બંગાળ**ના **સુંદરવન**ની 200 વિદ્યાર્થીનીઓ માટે **‘સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર’** અને **પ્રીતિલતા છાત્રાલયનું** ઉદ્‌ઘાટન પણ કર્યું હતું.
- આ ઉપરાંત આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **‘Port Anthem’ (બંદર ગીત)** પણ લોન્ચ કર્યું હતું.

#### ડો. શ્યામા પ્રસાદ મુખર્જી



**ડો. શ્યામા પ્રસાદ મુખર્જી** ભારતના પ્રસિદ્ધ **ચિંતક, શિક્ષણશાસ્ત્રી અને રાજનેતા** હતા.

- તેમનો જન્મ 6 જુલાઈ, 1901ના રોજ **પશ્ચિમ બંગાળ**ના**કોલકાતા**માં થયો હતો.
- તેમણે **‘ભારતીય જન સંઘ’**ની સ્થાપના કરી હતી. આ ભારતીય જન સંઘમાંથી જ **‘ભારતીય જનતા પાર્ટી’**ની રચના થઈ છે.
- ડો. શ્યામા પ્રસાદ મુખર્જી 1947થી 1950 દરમિયાન શ્રી જવાહરલાલ નહેરુની સરકારમાં ભારત સરકારના **વ્યાપાર અને ઉદ્યોગમંત્રી** પણ રહ્યા હતા.
- આ સમયે તેમણે **ભારતમાં ઔદ્યોગિકરણનો પાયો** નાખ્યો હતો.
- ભારતમાં ચિત્તરંજન લોકોમોટિવ ફેક્ટરી, હિન્દુસ્તાન એરક્રાફ્ટ ફેક્ટરી, સિંદરી ફર્ટિલાઈઝર ફેક્ટરી અને દામોદર વેલી કોર્પોરેશન જેવી યોજનાઓના વિકાસમાં ડો. શ્યામા પ્રસાદ મુખર્જીનું મહત્ત્વનું યોગદાન છે.

### ➤ શ્રી હૈથમ બિન તારીક અલ સઈદ ઓમાનના નવા સુલતાન બન્યા



તાજેતરમાં 10 જાન્યુઆરી, 2020ના રોજ **ઓમાન**ના સુલતાન **શ્રી કાબૂસ બિન સઈદ અલ સઈદ**નું 79 વર્ષની વયે નિધન થયું હતું.

- **ઓમાનને આધુનિક બનાવવામાં** તેમનું મહત્ત્વનું યોગદાન હતું.
- તેઓ **1970**થી ઓમાનના સુલતાન હતા.
- તેમના નિધન બાદ **ભારતમાં એક દિવસનો રાષ્ટ્રીય શોક** રાખવામાં આવ્યો હતો.
- શ્રી કાબૂસ બિન સઈદ અલ સઈદના નિધન બાદ હવે તેમના કઝીન **શ્રી હૈથમ બિન તારીક અલ સઈદ ઓમાન**ના નવા સુલતાન બન્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**નોંધ :** (1) ઓમાનની રાજધાની <u>મસ્કત</u> છે.

(2) ઓમાનનું ચલણ (Currency) <u>રિયાલ</u> છે.

(3) ઓમાનની વસતી હાલ લગભગ 48 લાખ જેટલી છે. ઓમાનની વસતીમાં ભારતીયોની સંખ્યા આશરે 7થી 8 લાખ જેટલી છે.

(4) શ્રી કાબૂસ બિન સઈદ અલ સઈદ <u>'અલ સઈદ' વંશ</u>ના સુલતાન હતા.



## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં કયા પોર્ટ ટ્રસ્ટની 150મી વર્ષગાંઠ નિમિત્તે યોજાયેલા સમારોહમાં ભાગ લીધો હતો ?<br>(A) કંડલા (B) અલંગ (C) વિશાખાપટ્ટનમ (D) કોલકાતા | (D) |
| 2. | ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલી જાહેરાત અનુસાર 'કોલકાતા પોર્ટ ટ્રસ્ટ' હવે કયા નામથી ઓળખાશે ?<br>(A) શ્રી સ્વામી વિવેકાનંદ પોર્ટ ટ્રસ્ટ (B) શ્રી અટલ બિહારી વાજપેઈ પોર્ટ ટ્રસ્ટ<br>(C) ડો. શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ ટ્રસ્ટ (D) શ્રી સુભાષચંદ્ર બોઝ પોર્ટ ટ્રસ્ટ | (C) |
| 3. | તાજેતરમાં ભારતમાં કઈ જગ્યાએ યોજાયેલા સમારોહમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ Port Anthem (બંદર ગીત) લોન્ચ કર્યું છે ?<br>(A) મુંબઈ (B) કોલકાતા (C) વિશાખાપટ્ટનમ (D) કોચિ | (B) |
| 4. | કયા દેશના સુલતાન શ્રી કાબુસ બિન સઈદ અલ સઈદના નિધનને કારણે ભારતમાં એક દિવસનો રાષ્ટ્રીય શોક રાખવામાં આવ્યો હતો ?<br>(A) કુવૈત (B) ઈરાન (C) ઈરાક (D) ઓમાન | (D) |
| 5. | શ્રી કાબૂસ બિન સઈદ અલ સઈદના નિધન બાદ ઓમાનના નવા સુલતાન તરીકે કોણે પદભાર સંભાળ્યો છે ?<br>(A) શ્રી હૈથમ બિન તારીક અલ સઈદ (B) શ્રી સઈદ બિન અહમદ<br>(C) શ્રી હમાદ બિન સઈદ અલ સઈદ (D) શ્રી સલીમ બિન સુલતાન અલ સઈદ | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 15 JANUARY, 2020 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 15 જાન્યુઆરી, થલ સેના દિવસ (Army Day)

દેશની સુરક્ષામાં કાર્યરત સૈનિકો તથા શહીદ જવાનોના સન્માનમાં ભારતમાં દર વર્ષે 15 જાન્યુઆરીના રોજ 'થલ સેના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- 15 જાન્યુઆરી, 1949ના રોજ ફીલ્ડ માર્શલ કે. એમ. કરિયપ્પાએ ભારતના અંતિમ બ્રિટિશ કમાન્ડર ઈન ચીફ જનરલ સર ફ્રાન્સિસ બુચર પાસેથી ભારતના પ્રથમ કમાન્ડર ઈન ચીફ તરીકેનો પદભાર સંભાળ્યો હતો.
- આથી, આ દિવસની યાદમાં ભારતમાં 15 જાન્યુઆરીના રોજ 'થલ સેના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

**નોંધ :** ભારતીય સેના (Indian Army)નો Motto (આદર્શ વાક્ય) 'Service Before Self' છે.

## ➤ SCOની 8 અજાયબીઓમાં 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નો સમાવેશ

SCO એટલે કે Shanghai Cooperation Organisation (શાંઘાઈ સહયોગ સંગઠન)ની 8 અજાયબીઓમાં ભારતના 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નો સમાવેશ કરવામાં આવ્યો છે.

- SCOની 8 અજાયબીઓના નામ આ પ્રમાણે છે :




| ક્રમ | સ્થળ | દેશ |
|---|---|---|
| 1 | સ્ટેચ્યુ ઓફ યુનિટી | ભારત |
| 2 | દામિંગ પેલેસ | ચીન |
| 3 | નવરોઝ પેલેસ | તાજિકિસ્તાન |
| 4 | ઈઝીક-કુલ લેક | કિર્ગિસ્તાન |
| 5 | તમગલી ગોર્જ | કઝાખસ્તાન |
| 6 | પોઈ કલોન કોમ્પ્લેક્સ | ઉઝબેકિસ્તાન |
| 7 | ધ ગોલ્ડન રિંગ | રશિયા |
| 8 | લાહોર મુગલ વિરાસત | પાકિસ્તાન |

- વિશ્વની 7 અજાયબીઓમાં ભારતના તાજમહેલનો સમાવેશ થાય છે.
- હવે, SCOની 8 અજાયબીઓમાં ભારતના 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નો સમાવેશ કરવામાં આવ્યો છે.

### SCO


શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (અથવા તો શાંઘાઈ સહયોગ સંગઠન)ને ટૂંકમાં SCO તરીકે પણ ઓળખવામાં આવે છે.

- 26 એપ્રિલ, 1996ના રોજ ચીનના શાંઘાઈમાં થયેલી એક બેઠકમાં ચીન, રશિયા, કઝાખસ્તાન, કિર્ગિસ્તાન અને તાજિકિસ્તાન એમ કુલ પાંચ દેશોએ એક બીજાના વંશીય અને ધાર્મિક તનાવોને દૂર કરવા માટે એક સંગઠનની રચના કરી.
- આ સંગઠન 'શાંઘાઈ ફાઈવ' તરીકે ઓળખાયું.
- ત્યારબાદ 15 જૂન, 2001ના રોજ 'શાંઘાઈ ફાઈવ' દેશો ઉપરાંત ઉઝબેકિસ્તાન દ્વારા 'શાંઘાઈ કો-ઓપરેશન'ની રચના કરવામાં આવી હતી.
- આ માટે 'શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન ચાર્ટર' પર જૂન 2002માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- અને આ ચાર્ટર 19 સપ્ટેમ્બર, 2003થી લાગુ થયું હતું.
- આમ, કુલ છ દેશો દ્વારા આ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી. અને ભારત તેનું ઓબ્ઝર્વર કન્ટ્રી હતું.
- જોકે ત્યારબાદ 9 જૂન, 2017ના રોજ કઝાખસ્તાનના અસ્તાના ખાતે મળેલી SCOની 17મી સમિટમાં ભારત આ સંગઠનના સાતમા અને પાકિસ્તાન આ સંગઠનના આઠમા સભ્ય તરીકે સામેલ થયા હતા.
- આમ, જાન્યુઆરી 2020 સુધીમાં SCOમાં કુલ 8 સભ્ય દેશો છે.
- 8 સભ્ય દેશો ઉપરાંત SCOમાં 4 ઓબ્ઝર્વર દેશો, 6 ડાયલોગ પાર્ટનર અને 4 મહેમાન દેશોનો સમાવેશ થાય છે.
- SCOના ઓબ્ઝર્વર દેશોમાં અફઘાનિસ્તાન, ઈરાન, બેલારુસ અને મોંગોલિયાનો સમાવેશ થાય છે.
- SCO એ યુરેશિયન રાજકીય, આર્થિક અને સુરક્ષા સંગઠન છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- **<u>વિસ્તાર અને વસતી</u>**ની દૃષ્ટિએ આ **<u>વિશ્વનું સૌથી મોટું</u>** સંગઠન છે.
- જે યુરેશિયન ખંડનો ત્રણ–પંચમાઉન્સ હિસ્સો અને વિશ્વની કુલ વસતીનો અડધો હિસ્સો ધરાવે છે.
- SCOને વિશ્વના સૌથી શક્તિશાળી સંગઠન NATO (નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન)નો સામનો કરનારા સંગઠન તરીકે મૂલવવામાં આવે છે.
- તેનું વડું મથક **<u>ચીન</u>**ના **<u>બેઈજિંગ</u>** ખાતે આવેલું છે.

**નોંધ : વર્ષ <u>2020</u>માં SCOના સભ્ય દેશોના પ્રમુખોની સમિટ <u>ભારત</u>માં યોજાશે.**



## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | ભારતમાં 'થલ સેના દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 15 જાન્યુઆરી (B) 16 જાન્યુઆરી (C) 17 જાન્યુઆરી (D) 18 જાન્યુઆરી | (A) |
| 2. | SCO અથવા તો શાંઘાઈ સહયોગ સંગઠનની આઠમી અજાયબી તરીકે ભારતના કયા સ્થળનો સમાવેશ કરવામાં આવ્યો છે ?<br>(A) તાજમહેલ (B) સ્ટેચ્યુ ઓફ યુનિક<br>(C) રાષ્ટ્રપતિ ભવન (D) સ્ટેચ્યુ ઓફ યુનિટી | (D) |
| 3. | ભારતના 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નો કયા સંગઠનની 8મી અજાયબી તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે ?<br>(A) NATO (B) UNICEF (C) OPEC (D) SCO | (D) |
| 4. | SCO નું પૂરું નામ શું છે ?<br>(A) શાંઘાઈ કોઓર્ડિનન્સ ઓર્ગેનાઈઝેશન (B) સોશિયલ કોર્પોરેટ ઓર્ગેનાઈઝેશન<br>(C) સોશિયલ કો–ઓપરેટીવ ઓર્ગેનાઈઝેશન (D) શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન | (D) |
| 5. | SCOની રચના ક્યારે થઈ હતી ?<br>(A) 26 એપ્રિલ, 1996 (B) 26 એપ્રિલ, 2001 (C) 15 જૂન, 1996 (D) 15 જૂન, 2001 | (D) |
| 6. | 15 જૂન, 2001ના રોજ કુલ કેટલા દેશો દ્વારા SCOની સ્થાપના કરવામાં આવી હતી ?<br>(A) 8 (B) 5 (C) 7 (D) 6 | (D) |
| 7. | ભારત SCOનું કેટલામું સભ્ય દેશ બન્યું છે ?<br>(A) આઠમું (B) પાંચમું (C) નવમું (D) સાતમું | (D) |
| 8. | SCOના સભ્ય દેશ તરીકે ભારત અને પાકિસ્તાનનો સમાવેશ ક્યારે થયો હતો ?<br>(A) 10 જૂન, 2017 (B) 7 જૂન, 2017 (C) 12 જૂન, 2017 (D) 09 જૂન, 2017 | (D) |
| 9. | જાન્યુઆરી, 2020ની સ્થિતિએ SCOમાં કુલ કેટલા સભ્ય દેશો છે ?<br>(A) 12 (B) 6 (C) 10 (D) 8 | (D) |
| 10. | SCOના 8 સભ્ય દેશોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?<br>(A) ચીન (B) રશિયા (C) કિર્ગિસ્તાન (D) ઈરાન | (D) |
| 11. | SCOના 8 સભ્ય દેશોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?<br>(A) કઝાખસ્તાન (B) તાજિકિસ્તાન (C) ઉઝબેકિસ્તાન (D) અફઘાનિસ્તાન | (D) |
| 12. | શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)નું વડુંમથક કયાં આવેલું છે ?<br>(A) શાંઘાઈ (B) કિંગડાઓ (C) તાશ્કંદ (D) બેઈજિંગ | (D) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 16 JANUARY, 2020 THURSDAY

### ➤ ICC ક્રિકેટ એવોર્ડ 2019 : શ્રી રોહિત શર્માને ICC વન ડે ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ એનાયત

15 જાન્યુઆરી 2020ના રોજ ICC દ્વારા વર્ષ 2019ના એવોર્ડ વિજેતા ક્રિકેટરોની જાહેરાત કરવામાં આવી છે.

- 1 જાન્યુઆરી 2019થી 31 ડિસેમ્બર 2019 સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ખેલાડીઓના પ્રદર્શનને ધ્યાનમાં રાખીને આ એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે.

#### ભારતીય ખેલાડીઓને ICC એવોર્ડ

- ભારતના **શ્રી રોહિત શર્મા**ને ICCનો **વન ડે પ્લેયર ઓફ ધ યર એવોર્ડ** એનાયત થયો છે.
- જ્યારે ભારતના **શ્રી દીપક ચહર**ને વર્ષ 2019નો ICCનો **ટ્વેન્ટી-20 ઇન્ટરનેશનલ પર્ફોર્મન્સ ઓફ ધ યર એવોર્ડ** એનાયત થયો છે.
- આ ઉપરાંત ભારતીય ટીમના કેપ્ટન **શ્રી વિરાટ કોહલી**ને વર્ષ 2019નો ICCનો **સ્પિરિટ ઓફ ક્રિકેટ એવોર્ડ** એનાયત થયો છે.
- બોલ ટેમ્પરિંગને કારણે પ્રતિબંધ ભોગવીને પરત ફરેલા **શ્રી સ્ટીવ સ્મિથ**નો હૂરિયો બોલાવી રહેલા પ્રેક્ષકોને શાંત રહેવા માટે શ્રી વિરાટ કોહલીએ અપીલ કરી હતી. આથી તેમની આ ખેલદિલી માટે શ્રી વિરાટ કોહલીને આ એવોર્ડ એનાયત થયો છે.

#### અન્ય અગત્યના ICC એવોર્ડ

ઈંગ્લેન્ડના ક્રિકેટર **શ્રી બેન સ્ટોક્સ**ને ICCનો સૌથી અગત્યનો **'ક્રિકેટર ઓફ ધ યર' એવોર્ડ** એનાયત થયો છે.

- વર્ષ 2019નો ICCનો **ટેસ્ટ પ્લેયર ઓફ ધ યર એવોર્ડ** ઓસ્ટ્રેલિયાના **શ્રી પેટ કમિન્સ**ને એનાયત થયો છે.
- જ્યારે વર્ષ 2019નો ICCનો **વિમેન્સ ક્રિકેટર ઓફ ધ યર** અને **વિમેન્સ વન ડે ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ** ઓસ્ટ્રેલિયાના **સુશ્રી એલિસ પેરી**ને એનાયત થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

#### ICC એવોર્ડ 2019

| ક્રમ | એવોર્ડ | વિજેતા | દેશ |
|---|---|---|---|
| 1 | ક્રિકેટર ઓફ ધ યર | શ્રી બેન સ્ટોક્સ | ઈંગ્લેન્ડ |
| 2 | ટેસ્ટ પ્લેયર ઓફ ધ યર | શ્રી પેટ કમિન્સ | ઓસ્ટ્રેલિયા |
| 3 | વન ડે પ્લેયર ઓફ ધ યર | શ્રી રોહિત શર્મા | ભારત |
| 4 | ટ્વેન્ટી-20 ઈન્ટરનેશનલ પર્ફોર્મન્સ ઓફ ધ યર | શ્રી દીપક ચહર | ભારત |
| 5 | ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ યર | શ્રી મારનસ લબસચગ્ને | ઓસ્ટ્રેલિયા |
| 6 | વિમેન્સ ક્રિકેટર ઓફ ધ યર | સુશ્રી એલિસ પેરી | ઓસ્ટ્રેલિયા |
| 7 | વિમેન્સ વન ડે ક્રિકેટર ઓફ ધ યર | સુશ્રી એલિસ પેરી | ઓસ્ટ્રેલિયા |
| 8 | વિમેન્સ ટી-20 ક્રિકેટર ઓફ ધ યર | સુશ્રી એલિસા હિલી | ઓસ્ટ્રેલિયા |
| 9 | વિમેન્સ ઈમર્જિંગ ક્રિકેટર ઓફ ધ યર | સુશ્રી ચનિદા સુથિરુંગ | થાઈલેન્ડ |
| 10 | અમ્પાયર ઓફ ધ યર | શ્રી રિચાર્ડ ઈલિંગવર્થ | ઈંગ્લેન્ડ |
| 11 | સ્પિરિટ ઓફ ક્રિકેટ | શ્રી વિરાટ કોહલી | ભારત |

## ICCની વર્ષ 2019ની વિવિધ ટીમોમાં સમાવેશ પામેલ ભારતીય ક્રિકેટરો

ICC દ્વારા વર્ષ 2019ની ટેસ્ટ ટીમ, વન ડે ટીમ, વિમેન્સ વન ડે ટીમ અને વિમેન્સ ટી-20 ટીમની જાહેરાત કરવામાં આવી છે.

- આ ટીમમાં સમાવેશ પામેલ ભારતીય ક્રિકેટરોના નામ આ પ્રમાણે છે :

**ICC ટેસ્ટ ટીમ ઓફ ધ યર 2019**

| ક્રમ | ક્રિકેટરનું નામ |
|---|---|
| 1 | શ્રી વિરાટ કોહલી (કેપ્ટન) |
| 2 | શ્રી મયંક અગ્રવાલ |

**ICC વન ડે ટીમ ઓફ ધ યર 2019**

| ક્રમ | ક્રિકેટરનું નામ |
|---|---|
| 1 | શ્રી વિરાટ કોહલી (કેપ્ટન) |
| 2 | શ્રી રોહિત શર્મા |
| 3 | શ્રી મોહમ્મદ શામી |
| 4 | શ્રી કુલદીપ યાદવ |

**ICC વિમેન્સ વન ડે ટીમ ઓફ ધ યર 2019**

| ક્રમ | ક્રિકેટરનું નામ |
|---|---|
| 1 | સુશ્રી સ્મૃતિ માંધાના |
| 2 | સુશ્રી શિખા પાન્ડે |
| 3 | સુશ્રી ઝુલન ગોસ્વામી |
| 4 | સુશ્રી પૂનમ યાદવ |

**ICC વિમેન્સ ટી-20 ટીમ ઓફ ધ યર 2019**

| ક્રમ | ક્રિકેટરનું નામ |
|---|---|
| 1 | સુશ્રી સ્મૃતિ માંધાના |
| 2 | સુશ્રી દીપ્તિ શર્મા |
| 3 | સુશ્રી રાધા યાદવ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) સતત ત્રીજા વર્ષે ICCની ટેસ્ટ ટીમ અને વન ડે ટીમના કેપ્ટન તરીકે ભારતના શ્રી વિરાટ કોહલીની પસંદગી કરવામાં આવી છે.

(2) ICC દ્વારા 'ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ' વિજેતા ખેલાડીને 'સર ગારફિલ્ડ સોબર્સ ટ્રોફી' એનાયત કરવામાં આવે છે.

(3) વર્ષ 2019ની 'સર ગારફિલ્ડ સોબર્સ ટ્રોફી' શ્રી બેન સ્ટોક્સને એનાયત થઈ છે.

(4) ICCનું પૂરું નામ International Cricket Council છે.

## ICE Questions

1. વર્ષ 2019નો ICCનો 'ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ' કોને એનાયત થયો છે ?
(A) શ્રી રોહિત શર્મા (B) શ્રી દીપક ચહર
(C) શ્રી વિરાટ કોહલી (D) શ્રી બેન સ્ટોક્સ **(D)**

2. વર્ષ 2019નો ICCનો વન ડે પ્લેયર ઓફ ધ યર એવોર્ડ કોને એનાયત થયો છે ?
(A) શ્રી રોહિત શર્મા (B) શ્રી દીપક ચહર
(C) શ્રી વિરાટ કોહલી (D) શ્રી બેન સ્ટોક્સ **(A)**

3. વર્ષ 2019નો ICCનો ટી-20 ઈન્ટરનેશનલ પર્ફોર્મન્સ ઓફ ધ યર એવોર્ડ કોને એનાયત થયો છે ?
(A) શ્રી પેટ કમિન્સ (B) શ્રી મયંક અગ્રવાલ
(C) શ્રી કુલદીપ યાદવ (D) શ્રી દીપક ચહર **(D)**

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

4. શ્રી વિરાટ કોહલીને ICCનો વર્ષ 2019નો ક્યો એવોર્ડ એનાયત થયો છે ?
(A) ક્રિકેટર ઓફ ધ યર (B) વન ડે ક્રિકેટર ઓફ ધ યર
(C) ટેસ્ટ પ્લેયર ઓફ ધ યર (D) સ્પિરિટ ઓફ ક્રિકેટ **(D)**

5. વર્ષ 2019નો ICCનો 'વિમેન્સ ક્રિકેટર ઓફ ધ યર' અને 'વિમેન્સ વન ડે ક્રિકેટર ઓફ ધ યર' એવોર્ડ કોને એનાયત થયો છે ?
(A) સુશ્રી એલિસા હિલી (B) સુશ્રી એલિસ પેરી
(C) સુશ્રી સ્મૃતિ માંધાના (D) સુશ્રી ઝૂલન ગોસ્વામી **(B)**

6. ICCની વર્ષ 2019ની ટેસ્ટ અને વન ડે ટીમના કેપ્ટન તરીકે કોની પસંદગી કરવામાં આવી છે ?
(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી રોહિત શર્મા
(C) શ્રી બેન સ્ટોક્સ (D) શ્રી પેટ કમિન્સ **(A)**

7. ICCની વર્ષ 2019ની વિમેન્સ વન ડે ટીમ અને વિમેન્સ ટી-20 ટીમ એમ બંનેમાં ભારતના કયા મહિલા ક્રિકેટરનો સમાવેશ થયો છે ?
(A) સુશ્રી ઝૂલન ગોસ્વામી (B) સુશ્રી સ્મૃતિ માંધાના
(C) સુશ્રી પૂનમ યાદવ (D) સુશ્રી દીપ્તિ શર્મા **(B)**

## 17 JANUARY, 2020 FRIDAY

### ➤ સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે 51મી K9 વજ ટેન્કનું પ્રસ્થાન કરાવ્યું




16 જાન્યુઆરી, 2020ના રોજ ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે 51મી K9 વજ ટેન્કનું લીલીઝંડી બતાવીને પ્રસ્થાન કરાવ્યું છે.

- ગુજરાતમાં સુરતના હજીરા ખાતે આવેલા L&Tના આર્મર્ડ સિસ્ટમ કોમ્પ્લેક્સમાં નિર્માણ પામેલી 51મી K9 વજ ટેન્કનું તેમણે આ પ્રસ્થાન કરાવ્યું હતું.
- આ પ્રસંગે તેમણે જાહેરાત કરી હતી કે ભારતમાં વર્ષ 2025 સુધીમાં સંરક્ષણ ક્ષેત્રે રૂ. 70 હજાર કરોડનું રોકાણ કરવામાં આવશે.
- ભારતના સંરક્ષણ મંત્રાલય દ્વારા L&Tને 100 K9 વજ ટેન્કનો ઓર્ડર આપવામાં આવ્યો છે. તેમાંથી 50 ટેન્કની નિયત સમય પહેલા જ ડિલીવરી આપવામાં આવી છે.
- અને હવે 51મી ટેન્કનું શ્રી રાજનાથ સિંહે પ્રસ્થાન કરાવ્યું છે.

#### K9 વજ ટેન્કના નિર્માણ માટે L&T સાથેની ડીલ

ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા રૂા. 4500 કરોડના ખર્ચે 100 K9 વજ ટેન્કના નિર્માણ માટેનો કોન્ટ્રાક્ટ L&T ને આપવામાં આવ્યો છે.

- 'મેક ઈન ઈન્ડિયા' પ્રોજેક્ટ અંતર્ગત ભારતની પ્રાઈવેટ સેક્ટરની કંપનીને અપાયેલો આ સૌથી મોટો પ્રથમ ડિફેન્સ કોન્ટ્રાક્ટ હોવાનું કહેવાય છે.
- આ ડીલ અનુસાર દક્ષિણ કોરિયાની 'K9 Thunder' નામની ટેન્કની તર્જ પર ભારતની પ્રાઈવેટ સેક્ટરની કંપની L&T દ્વારા ભારતમાં જ 100 K9 વજ ટેન્કનું નિર્માણ કરવામાં આવશે.
- આ માટે દક્ષિણ કોરિયાની Hanwha Corporation નામની કંપની દ્વારા K9 વજ ટેન્કના નિર્માણ માટેની ટેક્નોલોજી L&T ને હસ્તાંતરિત કરવામાં આવી છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## K9 વજ હોવિત્ઝર ટેન્કની વિશેષતા

K9 વજ હોવિત્ઝર ટેન્કની મુખ્ય વિશેષતા આ પ્રમાણે છે.

(1) K9 વજ ટેન્ક એ સ્વદેશી બનાવટની ઓટોમેટિક હોવિત્ઝર ટેન્ક છે. 'મેક ઇન ઇન્ડિયા' પ્રોજેક્ટ હેઠળ L&T દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે. ભારતની ખાનગી કંપની દ્વારા તૈયાર થયેલી આ ભારતની પ્રથમ ટેન્ક છે.

(2) 50 ટન વજન ધરાવતી આ ટેન્ક પ્રતિ કલાક 65 થી 70 કિમીની ઝડપથી દોડી શકે છે. તથા કોઈ પણ ઝડપે શૂન્ય રેડિયસમાં (એટલે કે વધારાની જગ્યા વિના) 360 ડિગ્રી ટર્ન લઈ શકે છે.

(3) તે 1 મિનિટમાં 47 કિલોગ્રામના એક એવા આશરે છ સેલ ફાયર કરી શકે છે. માત્ર ત્રણ મિનિટમાં આશરે 16 થી 18 સેલ ફાયર કરવાની તેની ક્ષમતા છે. આ ઉપરાંત આ રીતે ફાયર થયેલા ગોળાને તેના મૂળ લક્ષ્યથી 10 મીટર સુધી વાળી શકાય તેવી ટેક્નોલોજી પણ તેમાં છે.

(4) આ ઓટોમેટિક ટેન્ક આશરે 43 કિલો મીટર સુધીનું લક્ષ્ય સચોટ રીતે ભેદી શકે છે.

(5) આ ટેન્કને સામાન્ય જમીન ઉપરાંત રણપ્રદેશ અને દુર્ગમ પર્વતીય વિસ્તારમાં પણ ઓપરેટ કરી શકાશે. આ ઉપરાંત શિપમાં ગોઠવીને પાણીમાં પણ તેનો ઉપયોગ કરી શકાશે.

## ➤ ગુજરાતમાં ગાંધીનગર જિલ્લાના નાસ્મેદ ખાતે નિર્માણ પામનાર Indian Institute of Skills (IISs)નો શિલાન્યાસ



તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાં મુંબઈ, કાનપુર અને ગુજરાતમાં અમદાવાદ આસપાસ એમ ત્રણ સ્થળોએ 'Indian Institute of Skills - IISs' (ભારતીય કૌશલ સંસ્થા)ના નિર્માણની યોજના બનાવવામાં આવી હતી.

- આ અંતર્ગત 15 જાન્યુઆરી 2020ના રોજ ભારતના ગૃહમંત્રી શ્રી અમિત શાહે ગુજરાતમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નાસ્મેદ ખાતે નિર્માણ પામનાર Indian Institute of Skills (IISs)નો શિલાન્યાસ કરાવ્યો હતો.
- આ માટે ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલા સમારોહમાં તેમણે આ ઈ-શિલાન્યાસ કરાવ્યો હતો.
- ગુજરાતમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નાસ્મેદ ખાતે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને ટાટા સન્સના સહયોગથી રાષ્ટ્રીય કક્ષાની આ સંસ્થાનું નિર્માણ કરવામાં આવશે.
- આ સંસ્થામાં દર વર્ષે 5000 વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવશે. જેમાંથી 70 ટકા વિદ્યાર્થીઓને સંસ્થામાં યોજાતા પ્લેસમેન્ટમાં જ નોકરી મળી જાય તેવી વ્યવસ્થા કરવામાં આવશે.
- આ ઉપરાંત ગુજરાતની 272 જેટલી ITIને આ સંસ્થા સાથે જોડી તેમને અપગ્રેડ કરવામાં આવશે.

નોંધ : (1) ભારતમાં કેન્દ્ર સરકારના સ્કીલ ડેવલપમેન્ટ ઓફ એન્ટરપ્રિન્યોરશિપ મંત્રાલય હેઠળના National Skill Development Corporation (NSDC) દ્વારા કૌશલ્ય નિર્માણ પ્રવૃત્તિને વેગ આપવા માટે ભારતમાં ત્રણ IISsના નિર્માણની મંજૂરી આપવામાં આવી હતી.

(2) આ અન્વયે સ્પર્ધાત્મક બીડ દ્વારા પસંદ કરાયેલા ટાટા એજ્યુકેશન ડેવલપમેન્ટ ટ્રસ્ટ (TEDT)ના સહયોગથી રાષ્ટ્રીય કક્ષાની સ્કીલ ડેવલપમેન્ટ સંસ્થા IISs, અમદાવાદની સ્થાપના કરવામાં આવી રહી છે.

(3) આ સંસ્થા માટે ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નાસ્મેદ ખાતે 20 એકર જમીન ફાળવવામાં આવી છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ગુજરાતની સાતમી આર્થિક ગણતરીનો શુભારંભ

15 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતના **ગાંધીનગર** ખાતેથી **રાજ્યની સાતમી આર્થિક ગણતરી**નો શુભારંભ કરાવ્યો છે.

- ભારતમાં કેન્દ્ર સરકારના **સ્ટેટેસ્ટીક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન મંત્રાલય** દ્વારા સમગ્ર દેશમાં આ **સાતમી આર્થિક ગણતરી**ની કામગીરી હાથ ધરવામાં આવી છે.
- આ આર્થિક ગણતરીના ફિલ્ડ વર્ક અને પ્રથમ કક્ષાના 100 ટકા સુપરવિઝનની કામગીરી ભારત સરકાર દ્વારા Common Service Centre (CSC)ને સોંપવામાં આવી છે.
- આ આર્થિક ગણતરી માટે ભારતમાં પ્રથમ વખત **મોબાઈલ એપ્લિકેશન**નો ઉપયોગ કરવામાં આવશે.
- આ અંતર્ગત તમામ ઘરો, દુકાન, ઓફિસો, કારખાના તેમજ અન્ય કોઈ પણ સ્થળે ચાલતી આર્થિક પ્રવૃત્તિઓ વિશેની માહિતી એકત્ર કરવામાં આવશે.

**નોંધ :** (1) ભારતમાં Central Statistical Organisation (CSO) દ્વારા 1977માં પ્રથમ આર્થિક ગણતરી (Economic Census) હાથ ધરવામાં આવી હતી.

(2) 1977 બાદ ભારતમાં 1980, 1990, 1998, 2005, 2013 અને હવે 2019-20માં આ સાતમી આર્થિક ગણતરી હાથ ધરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. 16 જાન્યુઆરી 2020ના રોજ ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે ભારતમાં નિર્મિત કઈ ટેન્કનું લીલીઝંડી બતાવીને પ્રસ્થાન કરાવ્યું છે ?
(A) MK 1A અર્જુન (B) SPH ભીમ (C) K9 સુદર્શન (D) K9 વજ્ર **(D)**

2. 16 જાન્યુઆરી 2020ના રોજ ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે કેટલામી K9 વજ્ર ટેન્કનું લીલીઝંડી બતાવીને પ્રસ્થાન કરાવ્યું હતું ?
(A) પ્રથમ (B) 25મી (C) 51મી (D) 100મી **(C)**

3. ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે ક્યાંથી 51મી K9 વજ્ર ટેન્કનું પ્રસ્થાન કરાવ્યું હતું ?
(A) હજીરા (B) ધોલેરા (C) બેંગાલુરુ (D) પૂણે **(A)**

4. 'મેક ઈન ઈન્ડિયા' પ્રોજેક્ટ અંતર્ગત ભારતમાં પ્રાઈવેટ સેક્ટરની કઈ કંપની દ્વારા K9 વજ્ર ટેન્કનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે ?
(A) રિલાયન્સ (B) TCS (C) L&T (D) TATA **(C)**

5. ભારતની ખાનગી કંપની દ્વારા ભારતમાં જ તૈયાર થયેલી દેશની પ્રથમ ટેન્કનું નામ શું છે ?
(A) T90 ભિષ્મ (B) MK1 અર્જુન (C) T55 વિજયંતા (D) K9 વજ્ર **(D)**

6. 'મેક ઈન ઈન્ડિયા' પ્રોજેકટ અનુસાર ભારતની પ્રાઈવેટ સેક્ટરની કંપની L & T દ્વારા રૂા. 4500 કરોડના ખર્ચે કુલ કેટલી K9 વજ્ર ટેન્કોનું નિર્માણ કરવામાં આવશે ?
(A) 50 (B) 100 (C) 125 (D) 150 **(B)**

7. કયા દેશની K9 Thunder ટેન્કની તર્જ પર ભારતની K9 વજ્ર ટેન્કનું નિર્માણ કરવામાં આવ્યું છે ?
(A) અમેરિકા (B) રશિયા (C) ઉત્તર કોરિયા (D) દક્ષિણ કોરિયા **(D)**

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

8. ભારતમાં કેન્દ્ર સરકારના નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC) દ્વારા ભારતના કયા ત્રણ સ્થળોએ Indian Institute of Skills (IISs)ના નિર્માણની મંજૂરી આપવામાં આવી હતી ?

(A) અમદાવાદ, મુંબઈ, નવી દિલ્હી (B) અમદાવાદ, મુંબઈ, વારાણસી
(C) અમદાવાદ, મુંબઈ, લખનૌ (D) અમદાવાદ, મુંબઈ, કાનપુર **(D)**

9. ગુજરાતમાં અમદાવાદ પાસે કઈ જગ્યાએ નિર્માણ પામનાર રાષ્ટ્રીય કક્ષાની ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સ્કિલ્સ (ISSs)નો શિલાન્યાસ થયો છે ?

(A) રતનપુરા, વસ્ત્રાલ (અમદાવાદ) (B) નાંદોદ, કલોલ (ગાંધીનગર)
(C) નાઉમેદ, કલોલ (ગાંધીનગર) (D) નાસ્મેદ, કલોલ (ગાંધીનગર) **(D)**

10. ગુજરાતમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નાસ્મેદ ખાતે નિર્માણ પામનાર ભારતીય કૌશલ્ય સંસ્થા (IISs)નો કોના દ્વારા શિલાન્યાસ થયો છે ?

(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રામનાથ કોવિંદ
(C) શ્રી અમિત શાહ (D) શ્રી રાજનાથ સિંહ **(C)**

11. ગુજરાતમાં નિર્માણ પામનાર ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સ્કિલ્સનો ભારતના ગૃહમંત્રી શ્રી અમિત શાહે ક્યાંથી શિલાન્યાસ કરાવ્યો છે ?

(A) નાસ્મેદ, કલોલ (B) GMDC ગ્રાઉન્ડ, અમદાવાદ
(C) મહાત્મા મંદિર, ગાંધીનગર (D) હેલિપેડ ગ્રાઉન્ડ, ગાંધીનગર **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. ગુજરાતમાં કલોલ તાલુકાના નાસ્મેદ ખાતે કયા ટ્રસ્ટના સહયોગથી ભારતીય કૌશલ સંસ્થા (IISs)નું નિર્માણ કરવામાં આવશે ?

(A) અદાણી એજ્યુકેશન ડેવલપમેન્ટ ટ્રસ્ટ (B) L&T એજ્યુકેશન ડેવલપમેન્ટ ટ્રસ્ટ
(C) ટાટા એજ્યુકેશન ડેવલપમેન્ટ ટ્રસ્ટ (D) રિલાયન્સ એજ્યુકેશન ડેવલપમેન્ટ ટ્રસ્ટ **(C)**

13. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની કેટલામી આર્થિક ગણતરી (Economic Census)નો પ્રારંભ કરાવ્યો છે ?

(A) પ્રથમ (B) પાંચમી (C) સાતમી (D) નવમી **(C)**

14. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ક્યાંથી ગુજરાતની સાતમી આર્થિક ગણતરીનો પ્રારંભ કરાવ્યો છે ?

(A) ગાંધીનગર (B) અમદાવાદ (C) રાજકોટ (D) વડોદરા **(A)**

15. ભારતમાં CSO દ્વારા પ્રથમ આર્થિક ગણતરી ક્યારે હાથ ધરવામાં આવી હતી ?

(A) 1972 (B) 1975 (C) 1977 (D) 1979 **(C)**

16. ભારતમાં આ અગાઉ છઠ્ઠી આર્થિક ગણતરી ક્યારે થઈ હતી ?

(A) 2009 (B) 2010 (C) 2011 (D) 2013 **(D)**

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 18 JANUARY, 2020 SATURDAY

### ➤ ભારતની બીજી ખાનગી ટ્રેન અમદાવાદ-મુંબઈ તેજસ એક્સપ્રેસનો અમદાવાદથી પ્રારંભ

17 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **ગુજરાત**ના **અમદાવાદ** ખાતેથી ભારતની **બીજી ખાનગી ટ્રેન અમદાવાદ-મુંબઈ તેજસ એક્સપ્રેસ**નો લીલીઝંડી બતાવીને શુભારંભ કરાવ્યો છે.




- ગુજરાતના અમદાવાદ અને મુંબઈના સેન્ટ્રલ મુંબઈ સ્ટેશન વચ્ચે આ ટ્રેન **ગુરુવાર સિવાય** સપ્તાહમાં **6 દિવસ** દોડશે.
- આ ટ્રેનની સ્પીડ પ્રતિ કલાક **160 કિ.મી.**ની રહેશે.
- આ ટ્રેન અંદાજિત **6થી 6.30 કલાક**માં અમદાવાદથી મુંબઈ પહોંચશે.
- આ ટ્રેનમાં કુલ 736 પેસેન્જરો મુસાફરી કરી શકશે.

### તેજસ એક્સપ્રેસની વિશેષતા

તેજસ એક્સપ્રેસ એ ભારતમાં કોઈ ખાનગી સંચાલક દ્વારા જેનું સંચાલન કરવામાં આવ્યું હોય તેવી **ભારતની પ્રથમ ખાનગી ટ્રેન** છે.

- ભારતમાં સૌપ્રથમ વખત ઓક્ટોબર 2019 દરમિયાન **નવી દિલ્હી-લખનૌ** વચ્ચે આવી **પ્રથમ તેજસ એક્સપ્રેસ**નો પ્રારંભ થયો હતો.
- ભારતીય રેલવેની પેટા કંપની **IRCTC** દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે.
- તાજેતરમાં શરૂ થયેલી **અમદાવાદ-મુંબઈ તેજસ એક્સપ્રેસ** IRCTC દ્વારા સંચાલિત ભારતની **બીજી ખાનગી સેમી હાઈસ્પીડ ટ્રેન** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



- LED સ્ક્રીન, ઓટો સેન્સર ડસ્ટબિન, CCTV, ફાયર સેફ્ટી, ઓનબોર્ડ શોપિંગ વગેરે જેવી અતિઆધુનિક સુવિધાથી સજ્જ આ ટ્રેનમાં <u>એર હોસ્ટેસ</u>ની જેમ <u>ટ્રેન હોસ્ટેસ</u>ની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.
- જો આ ટ્રેન તેના નિયત સમય કરતા <u>1 કલાકથી વધુ સમય</u> મોડી પડે તો પેસેન્જરને <u>રૂ. 100</u> અને <u>2 કલાકથી વધુ સમય</u> લેટ થાય તો <u>રૂ. 250</u> આપવામાં આવે છે.
- આ ટ્રેનમાં IRCTC દ્વારા તમામ યાત્રીઓને <u>રૂપિયા 25 લાખ</u> સુધીનો યાત્રા વીમો નિઃશુલ્ક આપવામાં આવશે.

**નોંધ :** (1) <u>IRCTCનું</u> પૂરું નામ <u>Indian Railway Catering and Tourism Corporation</u> છે.

(2) ભારતમાં હવે પછી <u>નવી દિલ્હીથી અમૃતસર</u> અને <u>નવી દિલ્હીથી ચંદીગઢ</u> વચ્ચે આવી ટ્રેન શરૂ કરવાની યોજના છે.

## ➤ ભારતનો સૌથી વધુ શક્તિશાળી સંદેશાવ્યવહાર ઉપગ્રહ GSAT-30 સફળતાપૂર્વક લોન્ચ

17 જાન્યુઆરી 2020ના રોજ ભારતનો અત્યાર સુધીનો સૌથી શક્તિશાળી <u>સંદેશાવ્યવહાર ઉપગ્રહ (Comunication Satellite) GSAT-30</u> સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો છે.

- <u>ફ્રેન્ચ ગુયાના</u>ના <u>કોઉરુ</u> ખાતે આવેલા લોન્ચ બેઝ પરથી <u>એરિયન-5 (Ariane-5 VA-251)</u> નામના <u>રોકેટ</u>ની મદદથી આ ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો છે.
- વર્ષ 2020માં લોન્ચ થયેલો ઈસરોનો આ પ્રથમ ઉપગ્રહ છે.
- તેનું વજન 3357 કિલોગ્રામ છે.
- તેની Mission Life <u>15 વર્ષથી વધુ</u> છે.
- ભારતના નિવૃત્ત થઈ રહેલા <u>INSAT-4A</u>ની જગ્યાએ GSAT-30 નામનો આ ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો છે.
- આ શક્તિશાળી ઉપગ્રહની મદદથી ભારતની સંચાર વ્યવસ્થા ખૂબ જ મજબૂત થશે.
- તેનાથી ઈન્ટરનેટની સ્પીડ વધશે. તેની સાથે સાથે ભારતમાં જ્યાં નેટવર્ક નથી, ત્યાં મોબાઈલ નેટવર્ક ઉપલબ્ધ થશે.
- આ ઉપરાંત DTH, ATM, સ્ટોક એક્સચેન્જ, ટેલિવિઝન અપલિંકિંગ સહિતના વિવિધ કોમ્યુનિકેશન કાર્યો અને ડેટા ટ્રાન્સફર આ ઉપગ્રહને કારણે સરળ થશે.



**નોંધ :** (1) આ ઉપગ્રહ દ્વારા <u>Ku બેન્ડ અને C બેન્ડ</u> દ્વારા કોમ્યુનિકેશન સર્વિસ ઉપલબ્ધ થશે.

(2) જેમાં <u>Ku બેન્ડ</u> દ્વારા <u>ભારત અને તેના ટાપુઓ પર</u> તેમજ <u>C બેન્ડ</u> દ્વારા <u>ખાડી દેશો, એશિયાના અનેક દેશો અને ઓસ્ટ્રેલિયા</u>માં સંદેશાવ્યવહારની સેવા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE ®

## ➤ વર્ષ 2019માં ચીનનો GDP વૃદ્ધિ દર ઘટીને 6.1 ટકા રહ્યો

વર્ષ 2019માં ચીનનો GDP વૃદ્ધિ દર ઘટીને 6.1 ટકા રહ્યો છે.

- જે છેલ્લા 29 વર્ષનો ચીનનો સૌથી નીચો GDP વૃદ્ધિ દર છે.
- આ અગાઉ 1990માં ચીનમાં રાજકીય કટોકટીને કારણે 3.9 ટકા GDP વૃદ્ધિ દર રહ્યો હતો.
- આ ઉપરાંત છેલ્લા ત્રણ વર્ષથી ચીનના GDP વૃદ્ધિ દરમાં ઘટાડો થઈ રહ્યો છે.
- આ અગાઉ વર્ષ 2017માં ચીનનો GDP વૃદ્ધિ દર 6.8 ટકા હતો. જે વર્ષ 2018માં ઘટીને 6.6 ટકા થયો હતો. અને હવે તે ઘટીને વર્ષ 2019માં 6.1 ટકા રહ્યો છે.

## ICE Questions

1. ભારતના કયા બે શહેરો વચ્ચે ભારતની બીજી ખાનગી ટ્રેન તેજસ એક્સપ્રેસનો પ્રારંભ થયો છે ?
(A) અમદાવાદ - મુંબઈ (B) અમદાવાદ - ભોપાલ
(C) અમદાવાદ - દિલ્હી (D) દિલ્હી - લખનૌ **(A)**

2. 17 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતના અમદાવાદ ખાતેથી ભારતની બીજી ખાનગી ટ્રેન તેજસ એક્સપ્રેસનો લીલીઝંડી બતાવીને કોણે શુભારંભ કરાવ્યો છે ?
(A) શ્રી અમિત શાહ (B) શ્રી પિયૂષ ગોયેલ
(C) શ્રી વિજયભાઈ રૂપાણી (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

3. અમદાવાદ-મુંબઈ વચ્ચે શરૂ થયેલી તેજસ એક્સપ્રેસ કયા દિવસ સિવાય સપ્તાહમાં છ દિવસ દોડશે ?
(A) રવિવાર (B) મંગળવાર (C) ગુરૂવાર (D) શનિવાર **(C)**

4. અમદાવાદ-મુંબઈ વચ્ચે શરૂ થયેલી તેજસ એક્સપ્રેસનું સંચાલન કોના દ્વારા કરવામાં આવશે ?
(A) AMC (B) Indian Railway (C) Western Railway (D) IRCTC **(D)**

5. IRCTCનું પૂરું નામ શું છે ?
(A) Indian Railway Catering and Tourism Company
(B) Indian Railway Catering and Tourism Corporation
(C) Indian Railway Catering and Tourism Companies
(D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

6. ભારતના કયા બે શહેરો વચ્ચે ભારતની પ્રથમ ખાનગી ટ્રેન તેજસ એક્સપ્રેસનો પ્રારંભ થયો હતો ?
(A) નવી દિલ્હી - વારાણસી (B) નવી દિલ્હી - પ્રયાગરાજ
(C) નવી દિલ્હી - અયોધ્યા (D) નવી દિલ્હી - લખનૌ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

| | | |
|---|---|---|
| 7. | 17 જાન્યુઆરી, 2020ના રોજ ભારતનો GSAT-30 નામનો ઉપગ્રહ ક્યાંથી સફળતાપૂર્વક લોન્ચ થયો હતો ?<br>(A) શ્રી હરિકોટા, આંધ્રપ્રદેશ (B) ચાંદીપુર, ઓડિશા<br>(C) કોઉરુ, ફ્રાન્સ (D) કોઉરુ, ફ્રેન્ચ ગુયાના | (D) |
| 8. | કયા રોકેટની મદદથી ભારતનો GSAT-30 ઉપગ્રહ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો છે ?<br>(A) PSLV MK-5 (B) GSLV MK-5 (C) Ariane-5 (D) ASLV-5 | (C) |
| 9. | GSAT-30 ભારતનો કયા પ્રકારનો ઉપગ્રહ છે ?<br>(A) હવામાન (B) સંદેશા વ્યવહાર (C) જાસૂસી (D) નિરીક્ષણ | (B) |
| 10. | તાજેતરમાં લોન્ચ થયેલો ઉપગ્રહ GSAT-30 ભારતના કયા ઉપગ્રહનું સ્થાન લેશે ?<br>(A) INSAT-4A (B) INSAT-4B (C) INSAT-4C (D) INSAT-4D | (A) |
| 11. | GSAT-30 ઉપગ્રહમાં કયા બેન્ડનો ઉપયોગ થયો છે ?<br>(A) Ku band અને A band (B) Ku band અને B band<br>(C) Ku band અને C band (D) Ku band અને M band | (C) |
| 12. | વર્ષ 2019માં ચીનનો વૃદ્ધિ દર કેટલા ટકા રહ્યો છે ?<br>(A) 6.1 (B) 6.3 (C) 6.5 (D) 6.6 | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER
## CURRENT AFFAIRS

### ગુજરાત

**➤ ભાવનગર જિલ્લા દ્વારા 'દિકરી સુરક્ષા કવચ' પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું**

બેટી બચાવો, બેટી પઢાવો અભિયાન અંતર્ગત ગુજરાતના ભાવનગર જિલ્લામાં જિલ્લા વહીવટી તંત્ર તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, ભાવનગર દ્વારા 'દિકરી સુરક્ષા કવચ' પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં મહિલા સુરક્ષા અંગેની તમામ યોજનાઓ એક જ પુસ્તકમાં આવરી લેવામાં આવી છે. આ ઉપરાંત ભાવનગર જિલ્લામાં 'દિકરી સુરક્ષા કવચ' અભિયાનનો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત પ્રથમ તબક્કામાં 10,000 દિકરીઓનો સંપર્ક કરી તેમને મુંઝવતા પ્રશ્નો અંગે પરામર્શ કરાશે અને તેમને 'દિકરી સુરક્ષા કવચ' પુસ્તક આપી મહિલાઓ અંગેની યોજનાઓથી માહિતગાર કરાશે.

# ભારત

## ➤ ભારતના પૂર્વ ક્રિકેટર બાપુ નાડકર્ણીનું નિધન

ભારતના પૂર્વ ક્રિકેટર બાપુ નાડકર્ણીનું 86 વર્ષની વયે નિધન થયું છે. તેમનું મૂળનામ શ્રી રમેશચંદ્ર ગંગારામ નાડકર્ણી હતું. 4 એપ્રિલ 1933ના રોજ મહારાષ્ટ્રના નાશિક ખાતે તેમનો જન્મ થયો હતો. ભારતના પ્રસિદ્ધ સ્પિનર બાપુ નાડકર્ણી ખૂબ જ ઓછા રન આપતા બોલર (Economical Bowler) તરીકે જાણીતા હતા. જાન્યુઆરી 1964માં મદ્રાસમાં રમાયેલી એક ટેસ્ટ મેચમાં તેમણે ઈંગ્લેન્ડ સામે સળંગ 21 ઓવર મેડન નાંખી હતી. તેમનો આ રેકોર્ડ હજુ સુધી કોઈ તોડી શક્યું નથી. તેમણે આ મેચમાં કુલ 32 ઓવર નાંખી હતી, જેમાંથી 27 ઓવર મેડન હતી અને તેમણે માત્ર પાંચ જ રન આપ્યા હતા. તેઓ 1955થી 1968 સુધી ભારતની ટીમમાં રમ્યા હતા. જેમાં તેમનો ઈકોનોમી રેટ 1.67 રહ્યો છે. જે કોઈ પણ બોલર કરતા ઓછો છે.

## ➤ BCCIના A+ કેટેગરીના કોન્ટ્રાક્ટમાં 3 ક્રિકેટરોનો સમાવેશ

BCCI દ્વારા તાજેતરમાં ઓક્ટોબર 2019થી સપ્ટેમ્બર 2020 સુધીના સમય માટે ભારતના ટોચના 27 ખેલાડીઓ માટે ચાર કેટેગરીમાં કોન્ટ્રાક્ટ આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ અંતર્ગત A+, A, B અને C કેટેગરીમાં ક્રિકેટરોને અનુક્રમે 7 કરોડ, 5 કરોડ, 3 કરોડ અને રૂ. 1 કરોડ વાર્ષિક ફી તરીકે ચૂકવવામાં આવશે. જેમાં ટોપ કેટેગરીના A+ ગ્રેડમાં શ્રી વિરાટ કોહલી, શ્રી રોહીત શર્મા અને શ્રી જસપ્રીત બૂમરાહ એમ કુલ ત્રણ ક્રિકેટરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે ભારતના પ્રસિદ્ધ વિકેટ કિપર શ્રી મહેન્દ્ર સિંહ ધોનીને આ ચારમાંથી એક પણ કેટેગરીનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો નથી.

ICE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

- બેટી બચાવો, બેટી પઢાવો અભિયાન અંતર્ગત ગુજરાતના કયા જિલ્લામાં જિલ્લા વહિવટી તંત્ર દ્વારા 'દિકરી સુરક્ષા કવચ' નામનું પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે ? – ભાવનગર
- ગુજરાતમાં ભાવનગર જિલ્લાની મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા કયા પુસ્તકમાં મહિલા સુરક્ષા અંગેની તમામ યોજનાઓ એક જ પુસ્તકમાં આવરી લેવામાં આવી છે ? – દિકરી સુરક્ષા કવચ
- તાજેતરમાં ગુજરાતના કયા જિલ્લામાં 'દિકરી સુરક્ષા કવચ' અભિયાનનો પ્રારંભ થયો હતો ? – ભાવનગર
- તાજેતરમાં બાપુ નાડકર્ણીનું નિધન થયું છે...તેઓ કઈ રમત સાથે સંકળાયેલા હતા ? – ક્રિકેટ
- ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર બાપુ નાડકર્ણીનું મૂળ નામ શું હતું ? – શ્રી રમેશચંદ્ર ગંગારામ નાડકર્ણી
- ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર બાપુ નાડકર્ણીનો જન્મ ક્યાં થયો હતો ? – નાશિક (મહારાષ્ટ્ર)
- BCCI દ્વારા આપવામાં આવેલા A+ કેટેગરીના કોન્ટ્રાક્ટમાં કયા ક્રિકેટરોનો સમાવેશ થયો છે ? – શ્રી વિરાટ કોહલી, શ્રી રોહીત શર્મા અને શ્રી જસપ્રીત બૂમરાહ
- BCCI દ્વારા A+ કેટેગરીના ક્રિકેટરોને વાર્ષિક કેટલા રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે ? – 7 કરોડ

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. જાન્યુઆરી 2020 દરમિયાન ગુજરાતમાં કઈ જગ્યાએ રાષ્ટ્રીય કક્ષાની ત્રીજી સમુદ્રી સ્પર્ધાનું આયોજન થયું હતું ?
– પોરબંદર
2. 11 જાન્યુઆરી 2020ના રોજ ભારતના ગૃહમંત્રી શ્રી અમિત શાહ ગુજરાતની કઈ યુનિવર્સિટીના 9મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા ? – GTU (Gujarat Technological University)
3. ભારતના કયા ક્રિકેટરે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં 13મી બેવડી સદી ફટકારીને શ્રીલંકાના ભૂતપૂર્વ બેટ્સમેન શ્રી કુમાર સંગાકારાના ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સૌથી વધુ બેવડી સદી ફટકારવાના એશિયન રેકોર્ડની બરોબરી કરી છે ?
– શ્રી ચેતેશ્વર પૂજારા
4. વર્ષ 2020માં ઓસ્ટ્રેલિયામાં રમાનાર મહિલા ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ માટેની ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે કોની પસંદગી કરવામાં આવી છે ? – સુશ્રી હરમનપ્રીત કૌર
5. ગુજરાતમાં ‘વિશ્વાસ પ્રોજેક્ટ’ના શુભારંભની સાથે કોના દ્વારા ગુજરાતના 27 જિલ્લાઓના ‘નેત્રમ (NETRAM) કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર’નું ઈ-ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે ? – શ્રી અમિત શાહ
6. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે ક્યાંથી ગુજરાતના 27 જિલ્લાઓના ‘નેત્રમ (NETRAM) કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર’નું ઈ-ઉદ્‌ઘાટન કરાવ્યું છે ? – મહાત્મા મંદિર, ગાંધીનગર
7. ગુજરાતમાં ‘સાયબર આશ્વસ્ત પ્રોજેક્ટ’ના શુભારંભની સાથે કોના દ્વારા ગુજરાત સાયબર ક્રાઈમ પોર્ટલ, ગુજરાત કોઓર્ડિનેશન પોર્ટલ તેમજ SMS કાઉન્ટર ક્લિકનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે ? – શ્રી અમિત શાહ
8. 11 જાન્યુઆરી 2020ના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે ગુજરાતના કયા રેલવે સ્ટેશનના પ્રાંગણમાં સ્મારકીય રાષ્ટ્રીય ધ્વજ (મોન્યુમેન્ટલ ફ્લેગ)નું લોકાર્પણ કર્યું હતું ? – ગાંધીનગર રેલવે સ્ટેશન
9. ગુજરાતના ગાંધીનગર રેલવે સ્ટેશનના પ્રાંગણમાં 100 ફૂટ ઊંચા સ્તંભ પર સ્થાપિત કરવામાં આવેલા સ્મારકીય રાષ્ટ્રીય ધ્વજનું કોના દ્વારા લોકાર્પણ થયું છે ? – શ્રી અમિત શાહ
10. 11 જાન્યુઆરી 2020ના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે ગુજરાતના કયા રેલવે સ્ટેશન ખાતે વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું હતું ? – ગાંધીનગર રેલવે સ્ટેશન
11. ગુજરાતમાં કઈ જગ્યાએ યોજાયેલા GTUના અથવા તો ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના 9મા પદવીદાન સમારોહમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહ (ઉપરાંત વિજયભાઈ રૂપાણી અને આચાર્ય દેવવ્રત) ઉપસ્થિત રહ્યા હતા ? – મહાત્મા મંદિર, ગાંધીનગર
12. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગીર સોમનાથ જિલ્લાના કયા ગામમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટના સાયક્લોન સેન્ટરનું ડિજિટલ તકતીથી ખાતમુહૂર્ત કર્યું છે ? – બાદલપરા ગામ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

13. અમદાવાદ-મુંબઈ વચ્ચે શરૂ થયેલી તેજસ એક્સપ્રેસમાં IRCTC દ્વારા યાત્રીઓને કેટલા રૂપિયા સુધીનો યાત્રા વીમો નિ:શુલ્ક આપવામાં આવશે ? – રૂ. 25 લાખ
14. તેલ અને ગેસ સંરક્ષણ જાગૃતતા અભિયાન અંતર્ગત ગુજરાતના કયા શહેરમાં સંરક્ષણ સક્ષમ મહોત્સવ 'સક્ષમ 2020'નું આયોજન થયું હતું ? – અમદાવાદ
15. તેલ અને ગેસ સંરક્ષણ અંગે જાગૃતિ માટે ગુજરાતના અમદાવાદમાં યોજાયેલા સંરક્ષણ સક્ષમ મહોત્સવ 'સક્ષમ 2020'નો કોના હસ્તે શુભારંભ થયો હતો ? – શ્રી આચાર્ય દેવવ્રત
16. 16 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ દક્ષિણ ગુજરાતના 10 હજારથી વધુ વનબંધુ અંત્યોદય લાભાર્થીઓને સરકારની વિવિધ યોજનાના રૂ. 140 કરોડના લાભ સહાયનું ક્યાંથી વિતરણ કર્યું હતું ? – મહુવા (જિ. સુરત)
17. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં કલા મહાકુંભમાં કેટલી કલાકૃતિઓ નવી ઉમેરવામાં આવી છે ? – 8
(આ આઠ કલાકૃતિઓમાંથી સાહિત્ય ક્ષેત્રે વકતૃત્વ, નિબંધ, કાવ્ય લેખન, ગઝલ-શાયરી, લોકવાર્તા અને દુહા-છંદ-ચોપાઈ તેમજ કલા વિભાગમાંથી ચિત્રકલા અને સર્જનાત્મક કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો છે.)
18. ગુજરાતમાં દર વર્ષે યોજાતા કલા મહાકુંભનો પ્રારંભ ક્યારથી થયો છે ? – 2017
19. 'ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ 2021' ભારતના કયા રાજ્યમાં યોજાશે ? – ગુજરાત
20. તાજેતરમાં રશિયાના વડાપ્રધાન પદેથી કોણે રાજીનામું આપ્યું છે ? – શ્રી દમિત્રી મેદવેદેવ
21. આર્મી ડે પરેડમાં ભારતીય સેનાનું નેતૃત્વ કરનાર ભારતના પ્રથમ મહિલા કોણ છે ? – કેપ્ટન તાન્યા શેરગિલ
22. એમેઝોનના સ્થાપક શ્રી જેફ બેઝોસે તાજેતરમાં તેમની ભારત મુલાકાત દરમિયાન ભારતમાં કેટલા રૂપિયાના રોકાણની જાહેરાત કરી હતી ? – 1 અબજ ડોલર અથવા આશરે રૂ. 7100 કરોડ
23. એમેઝોનના સ્થાપક શ્રી જેફ બેઝોસે ક્યાં સુધીમાં ભારતમાં બનેલી 10 અબજના મૂલ્યની ચીજવસ્તુઓની નિકાસ કરવાની જાહેરાત કરી છે ? – 2025
24. શ્રી જેફ બેઝોસે વર્ષ 2025 સુધીમાં ભારતમાં કેટલા લોકોને નોકરી આપવાની જાહેરાત કરી છે ? – 10 લાખ
25. એમેઝોનનું હેડક્વાર્ટર કયાં આવેલું છે ? – સિયેટલ અને આર્લિંગ્ટન
(અમેરિકાના વોશિંગ્ટન રાજ્યના સિયેટલ અને વર્જિનિયા રાજ્યના આર્લિંગ્ટનમાં)
26. તાજેતરમાં ફિલિપાઈન્સમાં આવેલો કયો જ્વાળામુખી ફાટતા લાખો લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે ? – તાલ
27. ફિલિપાઈન્સના કયા ટાપુ પર આવેલો તાલ જ્વાળામુખી સક્રિય થતાં લાખો લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે ? – લુઝોન (તે ફિલિપાઈન્સના Batangas પ્રાંતમાં આવેલો છે.)
28. અમેરિકાની અવકાશ એજન્સી નાસાના અંતરિક્ષ મિશન માટે ઈરાની મૂળના કયા મહિલાની પસંદગી કરવામાં આવી છે ? – સુશ્રી જેસ્મીન મોઘબેલી
29. કેન્દ્રીય ઉડ્ડયન મંત્રાલય દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં ક્યાં સુધીમાં ડ્રોનનું રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવવાનું રહેશે ? – 31 જાન્યુઆરી, 2020
30. પાકિસ્તાનની કઈ અદાલતે પાકિસ્તાનના પૂર્વ લશ્કરી શાસક પરવેઝ મુશર્રફને અપાયેલી ફાંસીની સજા રદ કરી છે ? – લાહોર હાઈકોર્ટ
31. 12 જાન્યુઆરી 2020ને 'યુવા દિન' નિમિત્તે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના કયા રાજ્યમાં આવેલા બેલુર મઠમાં ઉપસ્થિત રહ્યા હતા ? – પશ્ચિમ બંગાળ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

32. કયા દેશના વૈજ્ઞાનિકોએ પ્લાસ્ટિકમાંથી 18 કેરેટનું શુદ્ધ સોનું બનાવ્યું છે ? – સ્વિત્ઝર્લેન્ડ
(સ્વિત્ઝર્લેન્ડની ETH Zurich Universityના વૈજ્ઞાનિકોએ)

33. પુરુષોની ઈન્ટરનેશનલ ક્રિકેટ મેચમાં થર્ડ અમ્પાયરની ભૂમિકા ભજવનાર પ્રથમ મહિલા અમ્પાયર કોણ છે ?
– સુશ્રી જેક્લિન વિલિયમ્સ (વેસ્ટ ઈન્ડિઝ)

34. તાજેતરમાં કયા દેશના જંગલોમાં લાગેલી આગ દરમિયાન સિક્રેટ મિશન હાથ ધરીને 'ડાયનાસોર ટ્રી' તરીકે ઓળખાતા વોલેમી પાઈન્સ (ચીડ)ની પ્રજાતિના અતિ દુર્લભ 200 વૃક્ષો બચાવી લેવામાં આવ્યા છે ?
– ઓસ્ટ્રેલિયા

35. ગુજકોમાસોલના ચેરમેન તરીકે કોણ ફરીથી ચૂંટાઈ આવ્યું છે ? – શ્રી દિલીપ સંઘાણી

36. ગુજકોમાસોલ (GUJCOMASOL)નું પૂરું નામ શું છે ?
– **Gujarat State Co-operative Marketing Federation Limited**

37. અમેરિકાના કાયદા વિભાગે પાંચ વેપારી પર કયા દેશના પરમાણુ અને મિસાઈલ કાર્યક્રમને મદદ પહોંચાડવા માટે અમેરિકી સામાનની દાણચોરીનો આરોપ મૂક્યો છે ? – પાકિસ્તાન

38. કયા દેશમાં ત્રણ વર્ષ બાદ વિકિપીડિયા પરનો પ્રતિબંધ હટાવવામાં આવ્યો છે ? – તૂર્કી

39. કયા દેશમાં જીવલેણ કોરોના વાઈરસ ફેલાતા ભારતે પોતાના નાગરિકો માટે ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી છે ?
– ચીન

40. કોમનવેલ્થ રાષ્ટ્રો દ્વારા મહાત્મા ગાંધીજીના નામ પરથી કયો એવોર્ડ એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી છે ?
– કોમનવેલ્થ પીસ પ્રાઈઝ ઓન મહાત્મા ગાંધી

41. કોમનવેલ્થ રાષ્ટ્રો દ્વારા શ્રી સરદાર પટેલના પ્રદાન બદલ કયો એવોર્ડ એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી છે ?
– કોમનવેલ્થ ફંડ ફોર ગુડ ગવર્નન્સ

42. ગુજરાતમાં સૌરાષ્ટ્રના વીરપુર ખાતે શ્રી જલારામ બાપા અને વીરબાઈ માંએ શરૂ કરેલા સદાવ્રતને કેટલા વર્ષ પૂરા થતાં તાજેતરમાં તેની ઉજવણી કરવામાં આવી રહી છે ? – 200 વર્ષ

43. તાજેતરમાં પૂજ્ય સંત શ્રી મોરારી બાપુના હસ્તે કોને 'ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય એવોર્ડ' એનાયત થયો છે ?
– શ્રી લાભશંકર પુરોહિત

44. રાજકોટમાં યોજાયેલા એક કાર્યક્રમમાં શ્રી મોરારી બાપુના હસ્તે કોને 'ઝવેરચંદ મેઘાણી લોકગાયક એવોર્ડ' એનાયત થયો છે ? – સુશ્રી ભારતીબેન કુંચાલા

45. 17 જાન્યુઆરી 2020ના રોજ કઈ કંપની 1 ટ્રિલિયન ડોલર (એક હજાર અબજ ડોલર)નું બજાર મૂલ્ય ધરાવતી વિશ્વની છઠ્ઠી કંપની બની છે ? – આલ્ફાબેટ (ગૂગલની પેરેન્ટ કંપની)
(આ અગાઉ એમાર્કો, પેટ્રોચાઈના, એપલ, માઈક્રોસોફ્ટ અને એમેઝોને આ સિદ્ધિ મેળવી છે.)

46. વર્ષ 2019માં રૂ. 1000 કરોડથી પણ વધુનું વર્લ્ડ વાઈડ ગ્રોસ કલેક્શન મેળવનાર બોલીવૂડના એકમાત્ર અભિનેતા કોણ છે ? – શ્રી અક્ષય કુમાર

47. ભારતીય રેલવે દ્વારા ભારતના કયા રેલવે સ્ટેશનોમાં AI બેઝ્ડ ફેશિયલ રિકગ્નિશન ટેક્નોલોજી સ્થાપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – બેંગાલુરુ (કર્ણાટક) તથા મનમાડ અને ભુસાવલ (મહારાષ્ટ્ર)

48. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા 'નાણાકીય સમાવેશ માટે રાષ્ટ્રીય વ્યૂહરચના' નામનો રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે?
– RBI

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

49. HDFC એ રૂ. 1485 કરોડમાં કઈ ખાનગી વીમા કંપનીનો 50.80 ટકા હિસ્સો ખરીદયો છે ?
– અપોલો મ્યુનિક હેલ્થ ઈન્શ્યોરન્સ

50. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા 'રાજ્ય ઉર્જા કાર્યક્ષમતા સૂચકાંક, 2019' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે ?
– Bureau of Energy Efficiency (BEE)

51. ભારતમાં 'સશસ્ત્ર દળ ભૂતપૂર્વ સૈનિક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 14 જાન્યુઆરી

52. CRPFના નવા ડિરેક્ટર જનરલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
– શ્રી એ. પી. મહેશ્વરી (શ્રી આનંદ પ્રકાશ મહેશ્વરી)

53. ભારતીય બાળ ચિકિત્સા અકાદમી દ્વારા ભારતના કયા રાજ્યમાં 'TB Free Air for Every Child' કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે ? – કેરળ

54. જાન્યુઆરી 2020 દરમિયાન કયા શહેરમાં 'વિશ્વ ભવિષ્ય ઉર્જા શિખર સમ્મેલન 2020'નું આયોજન થયું હતું ?
– અબુધાબી (UAE)

55. મહિલા સ્વ-સહાય જૂથોને મદદ કરવા માટે કેન્દ્રીય મંત્રી સુશ્રી સ્મૃતિ ઈરાનીએ ગોવા ખાતેથી કઈ યોજના લોન્ચ કરી છે ? – યશસ્વિની

(આ યોજના અંતર્ગત મહિલા સ્વ-સહાય જૂથોને રૂ. 5 લાખ સુધીની લોન વિના વ્યાજે આપવામાં આવશે.)

56. ભારતમાં નાના તથા મધ્યમ ઉદ્યોગોના ડિજિટલાઈઝેશન માટે કઈ કંપનીએ એક અબજ ડોલરના રોકાણની જાહેરાત કરી છે ? – એમેઝોન

57. કયા દેશના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલી બંધારણમાં સંશોધનની જાહેરાત બાદ તે દેશના વડાપ્રધાન સહિત સમગ્ર કેબિનેટે રાજીનામું આપી દીધું છે ? – રશિયા

58. જાન્યુઆરી 2020 દરમિયાન યુનાઈટેડ નેશન્સ દ્વારા પ્રસિદ્ધ થયેલા 'World Economic Situation and Prospects' રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ? – 5.7 ટકા

59. વર્ષ 2019નો 'સરસ્વતી સમ્માન' કયા લેખકને એનાયત થશે ? – શ્રી વાસુદેવ મોહી

60. શ્રી વાસુદેવ મોહીને તેમની કઈ કૃતિ માટે વર્ષ 2019નો 'સરસ્વતી સમ્માન' એનાયત થયો છે ?
– ચેકબૂક (ટૂંકી વાર્તા સંગ્રહ)

61. શ્રી વાસુદેવ મોહીને તાજેતરમાં વર્ષ 2019નો સરસ્વતી સમ્માન એનાયત થયો છે...તેઓ કઈ ભાષાના લેખક છે ?
– સિંધી

62. ભારતના કયા રાજ્ય અથવા કેન્દ્ર શાસિત પ્રદેશમાં રૂ. 2379 કરોડના ખર્ચે જેડ મોડ ટનલના નિર્માણની મંજૂરી આપવામાં આવી છે ? – જમ્મુ કાશ્મીર

(6.5 કિમી લંબાઈની આ ટનલના નિર્માણથી જમ્મુ કાશ્મીરના પ્રસિદ્ધ પર્યટન સ્થળ સોનમર્ગને દરેક સીઝનમાં કનેક્ટીવિટી ઉપલબ્ધ થશે.)

63. Revised National TB Control Programmeનું નામ બદલીને શું રાખવામાં આવ્યું છે ?
– National Tuberculosis Elimination Program (NTEP)

64. ભારતના કયા ઉદ્યોગ સાહસિકને ઓસ્ટ્રેલિયાના સર્વોચ્ચ સન્માન 'ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયા'થી સન્માનિત કરવામાં આવ્યા છે ? – સુશ્રી કિરણ મજૂમદાર શો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સૌથી વધુ ઉમેદવારોને સૌથી ઊંચી સફળતા
અપાવનાર સંસ્થા

2020

# ICE®

**INSTITUTE FOR COMPETITIVE EXAMS**

## A COACHING CLASS FOR GOVERNMENT JOB

### ગાંધીનગર

Gh-2, Sector-6, 2nd Floor,
Near Iscon Gathiya,
Gandhinagar-382006

**CALL : 81406-01110 / 81407-01110**

### રાજકોટ

**HEAD OFFICE**
SHREE SADGURU SHOPPING CENTRE,
2nd FLOOR, Nr. AKSHAR MANDIR, OPP. TIRUPATI
PETROL PUMP, KALAWAD ROAD, RAJKOT

**MO. 93757-01110 / 93280-01110**

### જૂનાગઢ

Perry Plaza Complex, 2nd Floor,
Near Alkapuri Society, Zanzarda
Road, Junagadh - 3620001

**CALL : 76985-01110/76986-01110**

### અમદાવાદ

127, Ratna Business Square, Old Natraj
Cinema, Opp. H.K. Collage, Ashram Road,
Ahmedabad - 380009

**CALL : 8469501110/8469601110**

## ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- STI
- PI
- PSI/ASI
- Dy. S.O.
- Dy.MAM.
- TALATI
- CONSTABLE
- IBPS
- SBI
- PO
- CLERK

Website iceonline.in | JOIN TELEGRAM t.me\icerajkotofficial | YouTube icerajkot | Facebook icerajkot | INSTAGRAM icerajkot